Extra No. 435

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] SATURDAY, DECEMBER 13, 2025 / AGRAHAYANA 22, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

આમુખ:

(૧) મુખ્ય અધિકારીશ્રી, પ્રાંતિજ નગરપાલિકાના તા.૧૨/૧૦/૨૦૨૫ના પત્ર જા.નં.૮૪૯/૨૦૨૫-૨૬ (અત્રે મળ્યા તા.૦૧/૧૨/૨૦૨૫)

(૨) પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાના તા.૧૧/૧૨/૨૦૨૫ના પત્ર ક્રમાંક:ટ્રાફિક/ઈન્દિરાનગર/મુખ્ય માર્ગ/બંધ/અભિપ્રાય/૨૨૬૮/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી),૩૩(૧)(સી) અન્વયે વાહન વ્યવહાર નિયમન અંગેનું.

નં.પી.ઓ.એલ.-૨/રસ્તો/ડાયવર્ઝન/જાહેરનામું/વશી/૧૮૬૨/૨૦૨૫.-આમુખ-(૧)ના પત્રની વિગતે ઈન્દિરાનગર ગામ-પ્રાંતિજ, સા.કાં. ખાતે અંડરગ્રાઉન્ડ ડ્રેનેજ લાઈન નાખવાનું કામ હાથ ધરવામાં આવ્યુ છે. આ કામનો સ્ટ્રેચ આશરે ૪૦૦ મીટર લંબાઈનો છે, જે ગામનો મુખ્ય માર્ગ છે અને એ જ માર્ગ પરથી કોલેજ સહિતના સંસ્થાઓમાં જવાનો એકમાત્ર સંપર્ક માર્ગ છે. કાર્યની તકનિકી જરૂરીયાતો તથા સલામતીના કારણોસર ખોદકામ દરમ્યાન વાહન વ્યવહાર ચાલુ રાખવો શક્ય નથી. આ વિસ્તાર માટે કોઈ વૈકલ્પિક માર્ગ ઉપલબ્ધ નથી, તેથી કામગીરી દરમ્યાન માર્ગને તાત્કાલિક સમયગાળા માટે બંધ રાખવાની જરૂર હોઇ જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે.

આમુખ-(૨)થી પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાના અભિપ્રાય મુજબ ઈન્દિરાનગર ગામના મુખ્ય માર્ગ(લંબાઈ અંદાજે ૪૦૦ મીટર) પર અન્ડર ગ્રાઉન્ડ ડ્રેનેજ લાઈનના કામ દરમ્યાન માર્ગ બંધ કરવા અને તેની જગ્યાએ વૈકલ્પિક રૂટ તરીકે સરકારી આઈ.ટી.આઈ. થઈ પિલુદ્રા બાગ જવાના રસ્તા ઉપર થઈ પ્રાંતિજ નેશનલ હાઈવે નં.૪૮ સુધીની પસંદગી કરી ઈન્દિરાનગર ગામનો મુખ્ય માર્ગ બંધ રાખવામાં આવે તો વાંધા સરખું નથી. તેમ જણાવેલ છે.

વાસ્તે, ઈન્દિરાનગર ગામના મુખ્ય માર્ગનો રસ્તો, તા.પ્રાંતિજ બંધ કરવા સંબંધે અત્રેથી જાહેરનામું પ્રસિધ્ધ કરવું આવશ્યક જણાય છે. જેથી નીચે દર્શાવેલ વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

સબબ, હું લલિત નારાયણ સિંઘ સાંદુ(આઈ.એ.એસ.) કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩ (૧) (બી) તથા ૩૩ (૧) (સી) અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું.

-:: જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર અને વૈકલ્પિક રસ્તાનો રૂટ::-

ક્રમ	પ્રતિબંધિત રૂટ	વાહનનો પ્રકાર	વૈકલ્પિક રૂટ
૧	ઇન્દિરાનગર ગામના મુખ્ય માર્ગનો રસ્તો, તા.પ્રાંતિજ, જિ.સા.કાં.	તમામ પ્રકારના વાહનો	સરકારી આઈ.ટી.આઈ. થઈ પિલુદ્રા બાગ જવાના રસ્તા ઉપર થઈ પ્રાંતિજ નેશનલ હાઈવે નં.૪૮ સુધી

-:: જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો :-

આ હુકમ તા.૧૪/૧૨/૨૦૨૫ના રાત્રે ૦૦:૦૦ કલાકથી તા.૧૩/૦૩/૨૦૨૬ના ૨૪:૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

- :: જાહેરનામા મુજબ પ્રતિબંધિત કૃત્યો ::-

પ્રતિબંધિત વિસ્તારમાં તમામ પ્રકારના વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ ફરમાવવા હુકમ કરવામા આવે છે .

-::જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ ::-

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ સજા/દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

મુખ્ય અધિકારીશ્રી, પ્રાંતિજ નગરપાલિકા, તા.પ્રાંતિજ, જિ.સા.કાં. દ્વારા પ્રતિબંધિત વિસ્તાર તેમજ વૈકલ્પિક રૂટ અંગેના જરૂરી સાઈન બોર્ડ લગાવવાના રહેશે.

આજ તા.૧૩મી ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

લલિત નારાયણ સિંઘ સાંદુ
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.01.12 15:52:20 IST